જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૬/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૪૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૬૦૭ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૬૦ બીયર બોટલ, ૧૬૮ બીયરટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૭/૧૭**

**સરદારનગર :** વિનોદકુમાર શ્યામલાલ બચાણી (ઉ.વ.૪૩)(રહે,આનંદ પાર્ક ન્યુ “જી” વોર્ડ ગુલશન પાર્ટી પ્લોટની બાજુમાં કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૫/૧૭ રાતના ૧૨/૦૦ થી તા.૦૧/૬/૧૭ ના કલાક ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં ઘરના પહેલા માળે આવેલ રૂમની બારી તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૪૬,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.

**વટવા :** ઉર્વશીબેન પ્રકાશભાઈ પુરબીયા (રહે,સ્વામિનારાયણ પાર્ક- ૦૬, ઓમ શાંતિ ગોલ્ડનની બાજુમાં ભમરીયા કૂવો નારોલ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૫/૧૭ સવારના ૭/૩૦ થી બપોરનાં ૩/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં ઘરની ગેલેરીના દરવાજાની સ્લાઈડો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોનાની ચેઇન, લેપટોપ તથા રોકડ રૂપીયા મળી કુલ રૂપીયા ૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૮/૧૭**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** નશીમબાનુ સાકિબહુસેન પઠાણ (ઉ.વ.૪૦)(રહે,નગીના પોળ દરીયાપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧/૬/૧૭ કલાક ૧૦/૫૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ગાંધીબ્રીજનાં છેડે શંકરભુવન નજીક સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.રાઠોડ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટ (૧) :** મુકેશ બચુભાઇ સોલંકી(ઉ.વ.૪૦)(રહે,ગાંધીશ્રીનગર વસંતવિહાર ટાઉનશીપ ગોતા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧/૬/૧૭ બપોરનાં ૧/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે રિવરફ્રન્ટ પશ્ચીમ તરફના છેડે ઇવેન્ટ સેંટર પાછળ સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયલ લક્ષ્મણ ચલાવે છે

**રિવરફ્રંટ વેસ્ટ (૨) :** તા.૧/૬/૧૭ બપોરનાં ૪/૫૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે કોઇ અગમ્ય કારણસર રિવરફ્રન્ટ પશ્ચીમ તરફના છેડે સંન્યાસ આશ્રમ પાછળ રિવરફ્રન્ટ વોક વે તરફ એક અજાણી સ્ત્રી (૭૫ વર્ષનાં આશરાની) સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

**કૃષ્ણનગર :** ત્રીલોકભાઈ કનૈયાલાલ ગૌસ્વામી (રહે.સૈજપુર જુની ચાલી આર્ય સમાજની ગલી સૈજપુર બોઘા કૃષ્ણનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૩૧/૫/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઈપ સાથે દુપટ્ટો બાધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.મોહનીયા ચલાવે છે.

**રામોલ :** જાગૃતિબેન વા/ઓ સુમિતભાઇ હરગોવનભાઇ પંચાલ(ઉ.વ.૩૮)(રહે.ધારા કોલોની શારદાબા સ્કુલ પાસે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ તેમના પતિ સાથે સામાન્ય બોલાચાલી થતા મનમાં લાગી આવતા તા.૩૧/૫/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ફિનાઇલ પી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.